# વડગામમાં ભાજપના સ્થાનિક આગેવાનો વહિવટમાં મશગુલ

વડગામ, તા. ૨૦

વડગામ તાલુકામાં ભાજપના સ્થાનિક આગેવાનો વહીવટમાં મસગુલ બની ને પોતાને ફાયદો કેવી રીતે કરવો તેમાં જ મસગુલ બન્યા છે. પરંતુ કહેવાતા વડગામ ભાજપ ના સ્થાનિક આગેવાનો ને ભરતસિંહ ડાભી ને વડગામ તાલુકા માંથી મત ક્યાં થી મળે તેનું કોઈ જ ગણીત કે આયોજન તાલુકાના એક પણ કહેવાતા આગેવાનોને નથી પણ ઉમેદવાર ના વહીવટ માંથી પોતાને ફાયદો કરવામાં જ મસગુલ હોવાની ચર્ચા ઓ ભાજપના કાર્યકરો માં જ સાંભળવા મળી રહી છે

વડગામ તાલુકામાં ભાજપ ના સ્થાનિક સંગઠન સામે ભાજપ ના કાર્યકરો અને લોકોની નારાજગી જ ભાજપ માટે ભારે પડી શકે તેવી ચર્ચાઓ સાથે શુર તાલુકામાં ભાજપ ના કાર્યકરો અને મતદારો માં ઉઠવા પામ્યો છે વડગામ માં ભાજપના સ્થાનિક સંગઠન સામે કાર્યકરો માં પણ નારાજગી જોવા મળી રહી છે ભાજપ ના આ કહેવાતા આગેવાનો

**પાટણ બેઠકના ઉમેદવાર ભરતસિંહ ડાભીને મત કેવી રીતે અપાવવા તેનું કોઈ જ આયોજન નહિ**

થી તાલુકાના સ્થાનિક પાયાના કાર્યકરો નિષ્ક્રિય બની ગયા છે અને ચુંટણી સમયે જ આગેવાનો ને રાજકીય પાઠ ભણાવવા તૈયારી ઓ કરી દીધી છે તાલુકા ના આગેવાનોને કાર્યકરો અને મતદારો ચૂંટણી સમયે જ યાદ આવે છે માત્ર ઠાલા વચનો પ્રલોભનો આપીને ચૂંટણી પત્યા બાદ ભાજપ ના સ્થાનિક એક પણ આગેવાન લોકો વચ્ચે ક્યારેય ડોકાતા નથી જેના કારણે ભાજપ ને નુકશાન વેઠવાનો વારો આવ્યો છે તાલુકા ભાજપ ના આગેવાનો ભાજપ ને ક્યાં ફાયદો થાય છે તેમાં તેમને કોઈ જ રસ નથી. પણ આગેવાનો પોતાને ક્યાં ફાયદો થાય છે તેમાં જ મસગુલ બની વહીવટ માં જ રચ્યા પચ્યા જોવા મળી રહ્યા છે જેના કારણે ભારતીય જનતા પાર્ટી ના પાટણ બેઠકના ઉમેદવાર ભરતસિંહ ડાભી ને વડગામ તાલુકા માંથી ભારે લીડ સાથે હારનો સામનો કરવો પડે તેમજ ભાજપની કિનારે આવેલી નાવ ને સ્થાનિક સંગઠનના આગેવાનો જ ડુબાડે તો નવાઈ પામશો નહીં.





વડગામ તાલુકાના લિંબોઈ ગામમાં વડગામ તાલુકા ભાજપ અનુસૂચિત જાતિનું સંમેલન યોજાયું હતું જેમાં એક મોટી દુર્ઘટના બનતી અટકી હતી. અચાનક પવન આવતાં મંડપ ઉડ્યો હતો અને જોતજોતામાં મંડપ કડકભૂસ થતાં મંડપ નીચે બેઠેલા લોકો દટાયા હતા પણ સ્ટેજ ઉપર બેઠેલા એક પણ આગેવાનને સાથે સ્ટેજ છોડ્યું ન હતું. થોડીવાર માટે લોકોમાં દોડધામ મચી ગઈ હતી. એક બાળાને ઈજા થતાં તેને જિલ્લા પંચાયતના સદસ્ય અશ્વિન સક્સેના દ્વારા તાત્કાલિક વડગામ સીવીલમાં સારવાર માટે લઈ જવાઈ હતી.

# ધાનેરામાં કોંગ્રેસે વરરાજા વગર રોડ શો કર્યો

**પરથીભાઈ ધાનેરામાં એક વખત પણ ન આવ્યા : ધાનેરામાં કોંગ્રેસના મોટાભાગના કાર્યકર્તા પરથીભાઈથી નારાજ : પાલિકા પ્રમુખ કે પાલિકાનો એકપણ સદસ્ય ન રહ્યો હાજર : નાથાભાઈ પટેલ પણ ધારાસભ્ય બન્યા બાદ કાર્યકર્તાઓને ભૂલી ગયા**

ધાનેરા શહેરમાં કોંગ્રેસ નગરપાલિકાના પ્રમુખ, પૂર્વ પ્રમુખ, પાલિકાના કોર્પોરેટરો અને કાર્યકર્તાઓની નારાજગી સામે આવી રહી છે ધાનેરા શહેરમાં યોજાયેલ પરથીભાઈ ભટોળની સભામાં નગરપાલિકાના વર્તમાન પ્રમુખ, પૂર્વ પ્રમુખ તેમજ નગરપાલિકાના સદસ્યો અને ધાનેરા શહેરના અનેક કાર્યકર્તાઓ ગેરહાજર રહેતા ધાનેરા શહેર કોંગ્રેસ ની નારાજગી સામે આવી રહી છે મતદાન માટે ગણતરીના કલાકો જ બાકી રહ્યા છે ત્યારે ધાનેરા શહેર કોંગ્રેસના કાર્યકર્તાઓ ની નારાજગી પરથી ભટોળ માટે ભારે સાબિત થઈ શકે છે તે ઉપરાંત સભા પૂરી થયા બાદ કોંગ્રેસનો રોડ શો યોજાયો હતો આ રોડ શો બનાસકાંઠા લોકસભા સીટના કોંગ્રેસના ઉમેદવાર પરથી ભટોળની ગેરહાજરીમાં યોજાઈ રહ્યો છે એટલે કે ઉમેદવારનો રોડ શો ઉમેદવાર વિના જ યોજાઈ રહ્યો છે બનાસકાંઠા



લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર પરથીભાઈ ભટોળ રોડ શોમાં હાજર ન રહેતા આ રોડ-શો ગાડીઓ માં જ નીકળવાની કોંગ્રેસને ફરજ પડી રહી છે ધાનેરા શહેરમાં કોંગ્રેસની નારાજગી ખૂલીને બહાર આવી રહી છે ધાનેરા નગરપાલિકાના પ્રમુખ પૂર્વ પ્રમુખ અને અનેક સદસ્યો કોંગ્રેસની સભામાં જોવા પણ નથી મળી રહ્યા તે ઉપરાંત કોંગ્રેસનો પ્રચાર કરતા પણ જોવા નથી મળી રહ્યા તેથી પરથી ભટોળ સામેની નારાજગી ખુલીને બહાર આવી રહી છે.. પરથી ભટોળ એ ક્યારેય પણ કોંગ્રેસના કાર્યકર્તા ન હતાં અને તેઓ ભાજપ સાથે જોડાયેલા હતા પરથી ભટોળા પેરાશૂટ ઉમેદવાર ગણવામાં આવી રહ્યા છે કોંગ્રેસ દ્વારા બહારથી ઉમેદવારને મૂકવામાં આવતા કોંગ્રેસના કાર્યકર્તાઓ મા નારાજગી જોવા મળી રહી છે. તજ્યારે પરથી ભટોળ નું નામ કોંગ્રેસમાંથી સામે આવી રહ્યું હતું ત્યારે કોંગ્રેસના જિલ્લા કાર્યાલય પર પણ કાર્યકર્તાઓ દેખાવો કર્યા હતા પરંતુ તે બાદ સબ સલામત હોવાના દાવો કરવામાં આવી રહ્યા હતા કોંગ્રેસ તરફથી પરંતુ આજે ફરી એકવાર કોંગ્રેસના કાર્યકર્તાઓની નારાજગી સામે આવી છે પરથી ભટોળ ને લઈને.. બનાસકાંઠા જિલ્લામાં કોંગ્રેસની સ્થિતિ એક સાંધે ત્યાં તેર તૂટે તેવી જોવા મળી રહી છે ધાનેરા શહેરના કોંગ્રેસના કાર્યકર્તાઓની અને હોદ્દેદારોની નારાજગી ને લઈને ઉમેદવાર અને ધાનેરાના ધારાસભ્ય પણ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે.



હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં શુક્રવારે ધામધૂમથી હનુમાન જયંતીની ઉજવણી કરાઈ હતી. હિંમતનગરના છાપરિયા ચાર રસ્તે અને ખાડિયા ચાર રસ્તે હનુમાનજી મંદિરે મારુતિ હવન સાથે ઉજવણી કરાઈ હતી.

## વાડોઠના ખેડૂતની ટ્રેક્ટરની સબસીડી મંજુર કરાવવાના બહાને પાંચ હજાર પડાવી લેતા એક વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર, તા. ૨૦

રાજ્ય સરકાર દ્વારા જે ખેડૂતો ખેતી કામ માટે નવુ ટ્રેક્ટર ખરીદે છે તેમને રોકડની સહાય આપવાની યોજના અમલી છે. ત્યારે હિંમતનગરના ટ્રેક્ટર હાઉસના સંચાલ પાંચ વર્ષ અગાઉ વડાલી તાલુકાના વાડોઠ ગામના એક ખેડૂતની સબસીડી મંજુર કરાવાવના બહાનો રૂ. ૫ હજાર લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરતા પાંચ વર્ષ બાદ ટ્રેક્ટર હાઉસના સંચાલક વિરૂદ્ધ ગુરૂવારે ફરીયાદ હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે વાડોઠ ગામના ડાહ્યાભાઈ હિરાભાઈ પટેલે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ તેમણે વર્ષ ૨૦૧૪માં હિંમતનગરના ટ્રેક્ટર હાઉસના સંચાલક હરસોલીયા અબ્દુલકાદર અબ્દુલરહેમાન પાસેથી નવુ ટ્રેક્ટર ખરીદ્યુ હતુ. ત્યારબાદ તેમનો સબસીડી મેળવવા માટે અરજી કરી તેમાં ટ્રેક્ટરનો નંબર જીજે.૦૯. બીસી.૨૭૭૦ સાથે પુરાવા રજુ કર્યા હતા. પરંતુ ટ્રેક્ટર હાઉસના સંચાલકે સહાય મંજુર કરાવવાના બહાને રૂ. ૫ હજાર લીધા હતા.

દરમ્યાન ખોટા દસ્તાવેજો ઉભા કરીને આરટીઓમાં રજુ કરતા તેમની સહાય નામંજુર થઈ હતી. જે અંગે ડાહ્યાભાઈએ તપાસ કરતા સહાય મંજુર ન થઈ હોવા છતાં ટ્રેક્ટર હાઉસના સંચાલકે ખોટી રીતે રૂ. ૫ હજાર લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરતા વાડોઠના ડાહ્યાભાઈ પટેલે ગુરૂવારે ટ્રેક્ટર હાઉસના સંચાલક હરસોલીયા અબ્દુલકાદર વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# સાબરકાંઠા બેંક-સાબરડેરીના ચેરમેન મહેશભાઈ પટેલનો સન્માન સમારોહ ઉજવાયો

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાની જીલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં સતત બીજી ટર્મ માટે બિન હરીફ વરણી થયેલ. સુકાની બેંકના ચેરમેન મહેશભાઈ એ.પટેલનો હમણાં હમણાં આ બંને જીલ્લાના લાખો પશુપાલકોની જીવાદોરી સમાન સાબરડેરીમાં પણ પોતાની આગવી કોઠા સુઝથી ૧૨ જેટલા ડિરેકટરોની બિનહરીફ વરણી કરાવી સાબરડેરીમાં પણ બિનહરીફ ચેરમેન પદે વરણી થતાં ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. ના કર્મચારીઓના સ્ટાફ યુનિયને પણ સ્વામીનારાયણ મંદિર હિંમતનગર ખાતે બેંકના તમામ ડિરેકટરોની હાજરીમાં બિનહરીફ વરણી થયેલ. યુવાન અને ઉત્સાહી ચેરમેન મહેશભાઈ પટેલનો એક સન્માન સમારોહ યોજી ચેરમેનનું અભિવાદન કર્યું હતું.

આ પ્રસંગે સા.કો.બેંક સ્ટાફ યુનિયનના પ્રમુખ રાજુભાઈ અમીને બેંકના તમામ ડિરેકટરોનું શબ્દોથી સ્વાગત કરી સાબરડેરીમાં બિનહરીફ વરણી થયેલ. ચેરમેન મહેશભાઈ પટેલે સમાજના આર્થિક રીતે નબળા વર્ગની પ્રગતિ માટે કરેલ તમામ પ્રકારની કામગીરીને બીરદાવી હતી.

આ પ્રસંગે બેંકના એડવાઈઝર ટુ ધી બોર્ડ હરેશભાઈ પટેલે મહેશભાઈ પટેલની રાજકીયક્ષેત્રે ઉમદા કામગીરીને બિરદાવી સાબરકાંઠા/અરવલ્લી જીલ્લાના ખેડૂતો અને પશુપાલકોના વિકાસમાં મહેશભાઈ પટેલની પ્રસંશનીય



કામગીરીને બિરદાવી હતી.

સમારોહના અંતમાં સા.કો.બેંક સ્ટાફ યુનિયનના ઉપપ્રમુખ કિરીટભાઈ પટેલે પણ મહેશભાઈ પટેલની તેઓના પિતાની જેમ આગવી કોઠા સુઝ ધરાવતાં અને સાબરકાંઠા/અરવલ્લી જીલ્લાની જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. તથા સાબરડેરી સાથે સંકળાયેલ હજારો ખેડૂતો તથા પશુપાલકોનો મહેશભાઈ પટેલ પોતાની કોઠા સુઝ અને અભ્યાસુ લાયકાત આધારે ચોક્કસ વિકાસ કરી વડાપ્રધાન મોદીનું ખેડૂતોની આવક બમણી કરવાનું સ્વપ્ન ચોક્કસ પુરૂ કરશે એવી આશા વ્યક્ત કરી હતી.

## અરવલ્લીના ધનસુરા રામજી મંદિરમાં નવમો પાટોત્સવ યોજાયો

અરવલ્લી જિલ્લામાં આવેલા સુપ્રસિદ્ધ ધનસુરા રામજી મંદિરમાં શ્રી ગણપતિદાદા તથા સાઈબાબાનો નવમો પાટોત્સવ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. ધનસુરા મંદિરના મહંત મહામંડલેશ્વર શ્રી પુરણ-શરણદાસજીની રાહબરી હેઠળ હનુમાન જયંતિ સાથે વિઘ્નહર્તા દેવ ગણપતિ દાદા તેમજ સાઈબાબા નો પાટોત્સવ યોજાયો હતો. આ નિમિત્તે કેસર સ્નાન તથા યજમાનો દ્વારા પૂજા અર્ચના, આરતી તથા ભૂદેવોના મંત્રોચ્ચાર સાથે યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જયારે રાત્રે ભજનકિર્તન તથા હનુમાન ચાલીસાના પાઠ અને સુંદરકાંડનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પાટોત્સવમાં કાન્તીભાઈ પટેલ, અતુલભાઈ બ્રહ્મભટ્ટ સહિત ગામના આગેવાનો અને ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



### ડીસામાં હનુમાન જયંતીની આસ્થાભેર ઉજવણી

ચૈત્ર સુદ પૂનમ એટલે રામ ભક્ત હનુમાન દાદાની જયંતી.આજના પાવન દિવસે શહેરમાં આવેલા હનુમાન દાદાના મંદિરોમાં ભારે ભીડ જોવા મળી હતી ભાવિકોના જય બજરન્ગ બલીના જયઘોષથી ધર્મમય માહોલ ખડો થયો હતો મંદિરોમાં ઠેરઠેર હવન અને યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જન્મ જયંતિને લઈ મંદિરો રોશનીથી સજાવાયા હતા.

## આગીયોલની સગીરાનું અપહરણ કરાતા એક વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર તાલુકાના આગીયોલ ગામે રહેતી એક સગીરાને ગામના જ શખ્સે આઠ દિવસ અગાઉ લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે વાલીપણામાંથી ભગાડી જઈ અપહરણ કર્યાની ફરીયાદ શુક્રવારે ગાંભોઈ પોલીસસ્ટેશનમાં નોંધાવા પામી હતી. આ અંગે આગીયોલ ગામના સગીરાના પિતાએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગત તા. ૧૪ એપ્રિલના રોજ ગામના જ દિનેશભાઈ મુલચંદભાઈ વાઘેલા સગીરાનું અપહરણ કરવાના ઈરાદે તથા બદકામ કરવાની દાનત રાખીને તેણીને વાલીપણામાંથી લલચાવી ફોસલાવી ભગાડી ગયા હતા.

# આજથી ચૂંટણીના પ્રચાર પડઘમ શાંત થઈ જશે

હિંમતનગર, તા. ૨૦

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી અંતર્ગત તા. ૨૩ એપ્રિલે મતદાન થનાર છે. ત્યારે શનિવારે સાબરાંઠા બેઠક માટે ભાજપ અને કોંગ્રેસ દ્વારા જે પ્રચાર કરાઈ રહ્યો છે તે ચરમસીમાએ પહોંચ્યો છે. ત્યારે ચૂંટણીપંચના નિયમ મુજબ મતદાન અગાઉના ૪૮ કલાક સુધી જાહેર પ્રચાર થઈ શકતો નથી જેને લીધે આજે રવિવારે સાંજે ૫ વાગે ચૂંટણીના પ્રચાર પડધમ શાંત થઈ જશે. જોકે છેલ્લી ઘડી સુધી મતદારોને રિઝવવા માટે ઉમેદવારો તથા કાર્યકરો કોઈ કચાશ છોડતા નથી જેને લીને સોમવારે રાતથી મંગળવારે મતદારોને પોતાની તરફે કરવા માટે ગુપ્ત રીતે આયોજન કરીને તેને પાર પાડવા માટે કેટલાક વિશ્વાસુઓને જવાબદારી સોંપી દેવામાં આવી છે.

આ વખતે યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ભાજપે સાબરકાંઠામાંથી જ્યારે કોંગ્રેસે અરવલ્લીમાંથી ઉમેદવારની પસંદગી કરી હોવાને લીધે ભલે સાબરકાંઠા કરતા અરવલ્લીના મતદારોની સંખ્યા ઓછી હોય તેમ છતાં કોંગ્રેસ એડીચોટીનું જોર લગાવીને બેઠક કબજે કરવા માટે મરણીયા પ્રયાસ કરી રહી છે. કોંગ્રેસના ઉમેદવાર તથા પક્ષના અગ્રણીઓ ભર ઉનાળામાં ગામડાઓ તથા શહેરોનો પ્રવાસ કરીને તથા જાહેરસભાઓ અને લોક સંપર્કના માધ્યમ થકી મતદારોને સમજાવી રહ્યા છે.

તો બીજી તરફ ભાજપ પણ લોકસભાની ચૂંટણીમાં સાબરકાંઠા બેઠકના ઉમેદવારને ફરીથી ચૂંટીને મોકલવા માટે મતદારો પાસે જઈ સરકારે કરેલા વિકાસકામોની કથા કરીને આ વખતે પણ આ બેઠક પર કબજો જમાવવા માટે કોઈ કસર છોડવા માંગતા નથી. દરમિયાન ચૂંટણીપંચના નિયમ મુજબ મતદાન અગાઉ ૪૮ કલાક બાકી હોય ત્યારે જાહેર પ્રચાર કે સભાઓ યોજવા પર પ્રતિબંધ હોવાને કારણે રવિવારે સાંજે પાંચ વાગ્યા પછી પ્રચારના પડધમ શાંત થઈ જશે.

તો બીજી તરફ બંને પક્ષના ઉમેદવારો તથા ટેકેદારો ગુપ્ત બેઠકો, ખાટલા પરીષદો યોજીને મતદારોને અંકે કરવા માટે કોઈ કચાશ રાખશે નહી સાથોસાથ ચૂંટણીપંચ દ્વારા રવિવારે, સોમવારે તથા મતદાનના દિવસે એટલે કે મંગળવારે મતદાન પૂર્ણ થાય ત્યા સુધી આચારસંહિતાનો ભંગ ન થાય તે માટે બાજ નજર રાખવામાં આવશે. મતદાનના દિવસે કોઈ ગેરરીતી કે અશાંતિ ન સર્જાય તે માટે ચૂંટણી પંચ દ્વારા પુરતો પોલીસ બંદોબસ્ત તથા સીઆરપીએફની ૫ ટુકડીઓને સાબરકાંઠા જિલ્લામાં તહેનાત કરવામાં આવશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

